BUSINESS મિત્ર

શેરબજારમાં કડાકો જારી: સેન્સેક્સ 84,000ની નીચે

યુએસ ટેરિફનો ભય અને ભૌગોલિક તણાવ વધતા બજારમાં નરમાઈ; રિયલ્ટી અને ઓટો સેક્ટરમાં મોટું ધોવાણ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 9: ભારતીય શેરબજારમાં આજે પણ નરમાઈ આગળ વધી હતી અને નિફ્ટીએ 25700 પોઈન્ટની સપાટી તોડી હતી અને સેન્સેક્સ 84000 પોઈન્ટની નીચે સરકી ગયો હતો. જોકે, આજે પણ શેરબજારમાં અમેરિકાના 500 ટકા ટેરિફનો હાઉ ચાલુ રહ્યો હતો અને રોકાણકારો વધુ સાવચેત થઈ ગયા હતા. જેના લીધે બજાર નબળું પડતું જોવા મળ્યું હતું.

યુએસ ટેરિફની કાયદેસરતા અંગેના યુએસ સુપ્રીમ કોર્ટના ચુકાદા પહેલા રોકાણકારો સાવચેત રહ્યા હતા, તેની સાથે અમેરિકા ઈરાન પર હુમલાની તૈયારી કરી રહ્યા હોવાના અહેવાલ આવ્યા હોવાથી જીયો પોલીટીકલ ટેન્શન વધ્યું હતું, જેનું પણ રિએકશન આવ્યું હતું. આજે લાર્જકેપની સાથે સાથે રોકડાના શેરોમાં પણ વેચવાલી હાવી રહી હતી. નિફ્ટી 25700 પોઈન્ટની નીચે સ્થિર થયો હતો.

સેકટર વાઈઝ જોઈએ તો ઓઈલ એન્ડ ગેસ, આઈટી અને પીએસયુ બેન્કોમાં ધીમો સુધારો રહ્યો હતો, જ્યારે રિયલ્ટી, ઓટો અને કન્ઝયુમર ડયુરેબલ્સ સેકટરમાં નરમાઈ જોવા મળી હતી.

બીએસઈ સેન્સેકસ 604.72 પોઈન્ટ એટલે કે 0.72 ટકા ઘટીને 84000 પોઈન્ટની સપાટી તોડીને 83576.24 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 84406 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 83402 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટીએ 25700 પોઈન્ટની સપાટી તોડી હતી, આજે નિફ્ટીએ 193.55 પોઈન્ટ એટલે કે 0.75 ટકા ઘટીને 25683.30 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 25940 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 25623 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 434.95 પોઈન્ટ એટલે કે 0.73 ટકા ઘટીને 59251.55 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે ગુજરાત ફ્લુરોકેમ 87.34 ગણા, બ્લુડાર્ટ એકસપ્રેસ 14.17 ગણા, માસ્ટેક લિ. 8.88 ગણા, ટેક મહિન્દ્રા 7.79 ગણા, વ્હીલપુર્લ ઈન્ડિયા 7.13 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે ઈન્ડિયન એનર્જી 7.31 ગણા, હિટાચી એનર્જી 6.16 ગણા, એલીકોન એનર્જી 4.99 ગણા, તેજસ નેટવર્ક 4.54 ગણા અને સેરા સેનીટરીવેર 4.23 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં નબળું પ્રદર્શન જોવા મળ્યું હતું. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.90 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 1.74 ટકા તૂટયો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળી રહી હતી. બીએસઈ ખાતે 1069 શેરો વધ્યા હતા, જ્યારે 3101 શેરો ઘટ્યા હતા અ 184 શેરો યથાવત રહ્યા હતા.

રિયલ્ટી શેરોમાં વેચવાલી નીકળતા નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ 2.26 ટકા ઘટ્યો હતો. જે છેલ્લા ચાર ટ્રેડિંગ સેશનમાં 3.86 ટકા ઘટ્યો હતો. જેમાં ગોદરેજ પ્રોપર્ટીઝ, અનંતરાજ, ડીએલએફ, લોઢા ડેવલપર્સ, ઓબેરોય રિયલ્ટી, પ્રેસ્ટીજ એસ્ટેટ, બ્રિગ્રેડ એન્ટરપ્રાઈઝ, શોભા ઘટયા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારોમાં સુધારા સાથે ચાલી રહ્યા હતા, કેમ કે રોકાણકારોએ વિકસતા આર્થિક સંકેતો અને સમગ્ર ક્ષેત્રમાં વધતા સામાજિક દબાણનું મુલ્યાંકન કર્યુ હતું. નેશનલ બ્યુરો ઓફ સ્ટેટિસ્ટીક્સ દ્વારા બહાર પાડવામાં આવેલા આંકડા અનુસાર નવેમ્બરમાં 0.7 ટકાના વધારા પછી ડિસેમ્બરમાં ગ્રાહકોના ભાવમાં વાર્ષિક ધોરણે 0.8 ટકાનો વધારો થયો હતો. એશિયન બજારોમાં મોટા ભાગના બજારો પોઝિટિવ બંધ રહ્યા હતા.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.62 ટકા, કેક 1.03 ટકા અને ડેક્સ 0.81 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 1.58 ટકા, સ્ટ્રેઈટસ 0.12 ટકા, હેંગસેંગ 0.31 ટકા, કોસ્પી 0.74 ટકા, જકાર્તા 0.13 ટકા, શાંઘાઈ 0.91 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે તાઈવાન 0.24 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

રૂપિયામાં વધુ નરમાઇ જોવા મળી

કરન્સી બજારમાં આજે પણ ડોલરમાં મજબૂતાઇ આગળ વધતી જોવા મળી હતી અને રૂપિયો વધુ 13 પૈસા નબળો પડીને 90.17ના સ્તરે બંધ રહ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો વધુ નબળો પડ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 90.04ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 104.83, પાઉન્ડ 121.83, કેનેડિયન ડોલર 64.86, ઓસ્ટ્રેલિયન ડોલર 60.40, જાપાનીઝ યેન 0.5724 અને સીંગાપોર ડોલર 69.89ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	90.17 રૂ.
યુરો	104.83 રૂ.
પાઉન્ડ	121.83 રૂ.
યેન	0.5724 રૂ.

રોકાણકારોના 13 લાખ કરોડ સ્વાહા

ભારતીય શેરબજારમાં આજે સપ્તાહના છેલ્લા દિવસે પણ કડાકો જોવા મળ્યો હતો. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા રશિયા પાસેથી તેલ ખરીદતા દેશો પર 500% સુધીના ટેરિફ લાદવાના વિધેયકને મંજૂરી આપતા બજારમાં ફાળ પડી છે. છેલ્લા પાંચ ટ્રેડિંગ સેશનમાં સેન્સેક્સ 2200 પોઈન્ટ જેટલો તૂટ્યો છે, છેલ્લા 5 દિવસમાં રોકાણકારોએ આશરે રૂ.13.37 લાખ કરોડ ગુમાવ્યા છે. માત્ર આજની વેચવાલીમાં જ માર્કેટ કેપમાં રૂ.4.38 લાખ કરોડનો ઘટાડો થયો.

સેન્સેક્સ	-604.72	83576.24
નિફ્ટી	-193.55	25683.30
બેન્ક નિફ્ટી	-434.95	59251.55

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એશિયન પેઇન્ટસ	1.40	2825.50
ઓએનજીસી	1.15	234.09
એચસીએલ ટેકનો	0.89	1661.40
બીઇએલ	0.72	418.65
સીપલા	0.35	1465.70

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
અદાણી એન્ટર	2.72	2153.70
એનટીપીસી	2.44	336.00
જિયો ફાઇ.	2.15	287.25
ICICI બેન્ક	2.14	1404.30
બજાજ ઓટો	2.03	9562.50

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એશિયન પેઇન્ટસ	1.36	2824.50
એચસીએલ ટેકનો	0.86	1662.30
બીઇએલ	0.77	418.85
રિલાયન્સ	0.34	1475.30
ઇટર્નલ	0.32	284.40

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એનટીપીસી	2.34	336.05
ICICI બેન્ક	2.22	1403.55
અદાણી પોર્ટસ	1.98	1435.75
ભારતી એરટેલ	1.89	2027.30
સન ફાર્મા	1.40	1736.85

પાછલા વર્ષો માટે હજુ પણ રીટર્ન ભરી શકાય?

શું છે નવી યોજના

હાલમાં જ A.Y. 2025-26ના રીટર્ન ભરવાની બંને મુદતો ડયુ ડેઈટ 10.12.2025 અને મોડામાં મોડા ભરવાની 31.12.2025 અને રિવાઈઝડ રીટર્ન ભરવાની પણ આખરી તારીખ 31.12.2025 પણ હજુ હમણા જ સમાપ્ત થઈ. વાચકોના મનમાં પ્રશ્ન છે કે શું અગાઉના વર્ષોના બાકી રીટર્નો હજુ ભરી શકાય? 31.3.2022 સુધી આ પરિસ્થિતિ પ્રવર્તતી હતી પરંતુ 1.4.2022થી ફાયનાન્સ એકટમાં કલમ 139 (8A) દાખલ કરવામાં આવી ને એવું પ્રાવધાન કરવામાંઆવ્યું કે ડયુ ડેઈટ અને રિવાઈઝડ રીટર્નરી તમામ તારીખો નીકળી ગઈ હોય છતાં કરદાતા અપડેટેડ રીટર્ન (Updated) ભરી શકશે. આવું રીટર્ન સંબંધિત આકારણી વર્ષના અંતથી બે વર્ષના સમયગાળામાં ભરી શકાશે. આમ A.Y. 2022-23નુંરીટર્ન 31.3.2025 સુધી અને A.Y. 2023-24નું રીટર્ન 31.3.2026 સુધી ભરી શકાતું હતું. જેનો કરદાતાઓએ લાભ લીધો. યાદ રહે આવું અપડેટેડ રીટર્ન કોઈ પણ કરદાતા, વ્યકિતગત, H.U.F., ભાગીદારી પેઢી અને કંપની વિગેરે ભરી શકે છે. આ સંદર્ભે કેટલીક શરતો સામેલ છે. પરંતુ એની ચર્ચા કરતા પહેલા 1.4.2025થી આ કલમમાં આવેલ ફરીથી નવા ફેરફારો જોઈશું અને તે સાથે હવે Latest કાયદો અને નિયમો શું છે એના ઉપર એક નજર કરીએ.

1.4.2025થી નવો કાયદો

1.4.2025થી અપડેટેડ રીટર્ન ભરવા માટેનો સમયગાળો 24 મહિનાથી વધારી 48 મહિનાનો કરવામાં આવ્યો છે. આમ A.Y. 2021-22નું રીટર્ન 31.3.2026 સુધી ભરી શકાશે. શું છે શરતો તે અંગે જોઈશું.

ટેકસ ટ્વિટર

વિરેશ રૂદ્લાલ

અન્ય શરતો જોતા પહેલાં ટેક્ષની જવાબદારી કેટલી આવે છે તે જોઇશું.

» આકારણી વર્ષના અંતથી 12 મહિનામાં (વધારાના) ચૂકવવા પાત્ર ટેક્ષ અને વ્યાજના 25 ટકા

» આકારણી વર્ષના અંતથી 24 મહિનામાં 50 ટકા

» આકારણી વર્ષના અંતથી 36 મહિનામાં 60 ટકા

» આકારણી વર્ષના અંતથી 48 મહિનામાં 70 ટકા

દાખલાઓ સાથે સમજીએ

ધારો કે A.Y. 2021-22ના વર્ષનું રીટર્ન 31.3.26 પહેલાં ભરીએ તો એ 48 મહિનાના સમયગાળામાં પડે છે. હવે રેગ્યુલર આવકની ગણતરી મુજબ જે ટેક્ષ આવે છે તેમાંવ્યાજને જોડી દઈએ અને બંને મળીને 70 ટકા જે આવે તેના તથા રેગ્યુલર ટેક્ષ રેઈટ ગણીને ભરી દેવાથી આ રીટર્ન અપલોડ થઈ શકે છે.

A.Y. 2025-26

હવે 31.12.2025ની સમયમર્યાદા વિતી ગઈ હોય 1.1.2026થી આ વર્ષનું રીટર્ન 31.3.2030 સુધી ભરી શકાય છે પરંતુ આ રીટર્ન જો 31.3.27 પહેલાં ભરી દેવાઈ તો વધારાના ચૂકવવા પાત્ર ટેક્ષ અને વ્યાજના મળીને જે રકમ આવે એના 25 ટકા બીજા ભરી દેવાથી આ રીટર્ન અપલોડ થઈ શકે છે.

શું છે શરતો?

1. ભરેલ ટેક્ષ કે દર્શાવાયેલ આવકમાં ઘટાડો કે રિફન્ડમાં વધારો કરી શકાય નહિ.

2. અપડેટેડ રીટર્ન એક જ વાર ભરી શકાય, રિવાઈઝડ કે નવું ભરી શકાય નહિ.

3. રીએસેસમેન્ટ કે દરોડા સંબંધી કાર્યવાહીમાં ભરી શકાય નહિ.

4. પ્રોસીકયુશનની કાર્યવાહી હાથ ધરાઈ ન હોય.

5. 1.4.2025થી સંબંધિત આકારણી વર્ષના અંતથી ત્રણ વર્ષપછી કલમ 148Aની નોટીસ ઈશ્યૂ થઈ હોય.

મ્યુચ્યુઅલ ફંડ: ઈક્વિટી રોકાણમાં 6%નો ઘટાડો

ડિસેમ્બરમાં રોકાણકારોનો ફ્લેક્સી-કેપ અને ગોલ્ડ ETF તરફ વધતો ઝુકાવ; ડેટ ફંડ્સમાંથી રૂ.1.32 લાખ કરોડનો જંગી આઉટફ્લો

મુંબઈ, તા. 9: ડિસેમ્બર 2025માં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ દર મહિને 6 ટકા ઘટીને 28054 કરોડ રૂપિયા થયું છે. નવેમ્બરમાં રોકાણનો આંકડો 29911 કરોડ રૂપિયા હતો. તે જ સમયે, ઓક્ટોબરમાં તે 24690 કરોડ રૂપિયાથી વધુ હતું. એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયાએ આંકડા જાહેર કર્યા હતા. ઈક્વિટીમાં રોકાણમાં ઘટાડાની સાથે મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગના એકંદર એસેટ બેઝમાં નજીવો ઘટાડો થયો હતો. આના કારણે એસેટ્સ અંડર મેનેજમેન્ટનો આંકડો નવેમ્બરમાં 80.80 લાખ કરોડ રૂપિયાથી ઘટીને ડિસેમ્બરમાં 80.23 લાખ કરોડ રૂપિયા થયો છે.

એએમએફઆઈના ડેટા અનુસાર, ડિસેમ્બરમાં મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગમાં 66591 કરોડ રૂપિયાનો ચોખ્ખો આઉટફ્લો જોવા મળ્યો હતો. આનું મુખ્ય કારણ ડેટ સ્કીમમાંથી જંગી ઉપાડ હતો, જ્યારે ઈક્વિટી અને ગોલ્ડ ફંડ્સ રોકાણકારોને આકર્ષવાનું ચાલુ રાખ્યું હતું. ડિસેમ્બરમાં એસઆઈપી દ્વારા રિટેલ ભાગીદારી 31000 કરોડ રૂપિયાની સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચી હતી. નવેમ્બરમાં આ આંકડો 29445 કરોડ રૂપિયા હતો.

ડિસેમ્બર 2025 દરમિયાન, ડિવિડન્ડ યીલ્ડ અને ઈક્વિટી લિંક્ડ સેવિંગ્સ સ્કીમ્સ ફંડ્સ સિવાય, મોટાભાગની પેટા-કેટેગરીમાં સકારાત્મક વલણ જોવા મળ્યું હતું. ફ્લેક્સી-કેપ ફંડ્સ સૌથી પસંદગીનો વિકલ્પ રહ્યો. તેમાં 10019 કરોડ રૂપિયાનું ચોખ્ખું રોકાણ થયું હતું, જે નવેમ્બરમાં 8135 કરોડ રૂપિયા હતું. આ પછી મિડકેપ ફંડ્સમાં 4176 કરોડ રૂપિયા, લાર્જ અને મિડકેપ ફંડ્સમાં 4094 કરોડ રૂપિયા અને સ્મોલ કેપ ફંડ્સમાં 3824 કરોડ રૂપિયા હતા. લાર્જકેપ ફંડમાં 1567 કરોડ રૂપિયાનું રોકાણ થયું હતું.

તેનાથી વિપરીત ઈએલએસએસએ રૂ. 718 કરોડનો આઉટફ્લો અને 254 કરોડ રૂપિયાનું ડિવિડન્ડ યીલ્ડ ફંડ નોંધાવ્યું હતું. બીજી તરફ ડેટ મ્યુચ્યુઅલ ફંડ્સમાં ડિસેમ્બરમાં 1.32 લાખ કરોડ રૂપિયાનો જંગી આઉટફ્લો જોવા મળ્યો હતો. નવેમ્બરમાં ચોખ્ખો આઉટફ્લો 25692 કરોડ રૂપિયા હતો.

આ સિવાય રોકાણકારોએ સલામત રોકાણના વિકલ્પોમાં પણ નવેસરથી રસ દાખવ્યો હતો. ગોલ્ડ ઈટીએફમાં ચોખ્ખું રોકાણ ડિસેમ્બરમાં વધીને 11647 કરોડ રૂપિયા થયું છે, જે નવેમ્બરમાં 3742 કરોડ રૂપિયા અને ઓક્ટોબરમાં 7743 કરોડ રૂપિયા હતું. ઈક્વિટી અને ગોલ્ડ ઈટીએફ સિવાય હાઈબ્રિડ ફંડ્સે ડિસેમ્બરમાં 10756 કરોડ રૂપિયાનું રોકાણ નોંધાવ્યું હતું.

આગામી 6 વર્ષ સુધી વાર્ષિક રૂ. 124 કરોડ ચૂકવવાના રહેશે

Vi ને મોટી રાહત: 87,695 કરોડના દેવા પર સરકારી 'લાઇફલાઇન'

જો આ રાહત ન મળી હોત તો કંપનીએ માર્ચ 2026 સુધીમાં આશરે રૂ. 18,000 કરોડ રૂપિયા ચૂકવવા પડતે

શેરબજારમાં આ સમાચારને કારણે સવારની ટ્રેડીંગમાં કંપનીના શેરમાં 9 ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો

નવી દિલ્હી, તા. 9 (પીટીઆઈ): દેવામાં ડૂબેલી ટેલિકોમ ઓપરેટર કંપની વોડાફોન આઈડિયાને રાહત આપતા, સરકારે આગામી છ વર્ષ માટે જૂની બાકી રકમ ચૂકવવાના વાર્ષિક હપ્તાની મર્યાદા 124 કરોડ રૂપિયા નક્કી કરી છે, જેનાથી કંપનીના રોકડ પ્રવાહમાં મોટી રાહત મળશે, એમ કંપનીએ શુક્રવારે જણાવ્યું હતું.

માર્ચ 2032થી માર્ચ 2035 વચ્ચેનો વાર્ષિક ખર્ચ ઘટાડીને 100 કરોડ રૂપિયા કરવામાં આવશે, એમ વોડાફોન આઈડિયાએ સ્ટોક એક્સચેન્જમાં જમા કરેલી ફાઈલમાં જણાવ્યું હતું. બાકી રહેલી એડજસ્ટેડ ગ્રોસ રેવન્યુની (એજીઆર) લેણી રકમ માર્ચ 2036થી શરૂ કરીને છ વર્ષમાં સમાન વાર્ષિક હપ્તામાં ચૂકવવાની રહેશે.

કેન્દ્રીય કેબિનેટે 31 ડિસેમ્બરે વોડાફોન આઈડિયાના 87,695 કરોડ રૂપિયાના બાકી લેણાં પર આંશિક મોરેટોરિયમ (ચુકવણીમાં સ્થગિતતા) મંજૂર કરી હતી, જે હવે 2036થી 2041 દરમિયાન ચૂકવવામાં આવશે. આ પગલાનો ઉદ્દેશ્ય ક્ષેત્રમાં સ્પર્ધા જાળવી રાખવા અને કંપનીના 20 કરોડ ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવાનો છે, સાથે જ સરકારનો આ કંપનીમાં આશરે 48.9 ટકાનો હિસ્સો છે. જો આ રાહત ન મળી હોત તો કંપનીએ માર્ચ 2026 સુધીમાં આશરે રૂ. 18,000 કરોડ રૂપિયા ચૂકવવા પડ્યા હોત, જે તેની કાર્યકારી રોકડ જનરેશન કરતા બમણી રકમ હતી.

શેરબજારમાં આ સમાચારને કારણે સવારની ટ્રેડીંગમાં કંપનીના શેરમાં 9 ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો, જોકે દિવસના અંતે શેર 2 ટકા ઘટીને 11.27 રૂપિયા પર બંધ રહ્યો હતો. વિશ્લેષકો માને છે કે આ રાહતથી કંપનીને 25,000 કરોડ રૂપિયાનું દેવું મેળવવામાં મદદ મળશે, જે તેના 5-જી નેટવર્ક વિસ્તરણ માટે જરૂરી છે.

વોડાફોન આઈડિયાનો શેર 9% સુધી ઉછળ્યો

આ મહત્વપૂર્ણ જાહેરાતને પગલે શેરબજારમાં સવારે વોડાફોન આઈડિયાનો શેર 9% સુધી ઉછળ્યો હતો, જોકે બજારની એકંદર નરમાઈને કારણે તે રૂ.11.27 પર બંધ રહ્યો હતો.

'ટેરિફ ટેન્શન'થી બજાર ધ્રૂજ્યું: ઓઈલ કંપનીઓ પર સંકટના વાદળ

ભારતને બ્રાઝિલ અને પશ્ચિમ એશિયા જેવા દેશો પાસેથી વધુ ભાવે ક્રુડ ખરીદવાની ફરજ પડશે

મુંબઈ, તા. 9: ભારતીય શેરબજાર માટે વર્ષ 2026 વધુ સારૂં રહેવાની ધારણા હતી. પરંતુ ગઈકાલે ટ્રમ્પે બજારને મોટો ઝટકો આપ્યો હતો. આનું કારણ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની મંજૂરી છે, જેમાં રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદનારા દેશો પર 500 ટકા ટેરિફ લાદવાનો પ્રસ્તાવ છે. બજારના સહભાગીઓના જણાવ્યા અનુસાર, 8 જાન્યુઆરીએ થયેલા ઘટાડાને કારણે રોકાણકારોને એક દિવસમાં 8 લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું.

એક વિશ્લેષકે જણાવ્યું હતું કે, અમેરિકા 500 ટકા ટેરિફ લાદશે તેવી શક્યતા નથી. પરંતુ જો આવું થશે તો તેની સૌથી વધુ અસર સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓના શેર પર પડશે. તેમના ખર્ચમાં વધારો થશે, કારણ કે આ કંપનીઓને રશિયાને બદલે અન્ય દેશોમાંથી ઊંચા ભાવે ક્રૂડ ખરીદવાની ફરજ પડશે. કંપનીઓ ખર્ચ વધારાનો સંપૂર્ણ બોજ ગ્રાહકો પર પસાર કરી શકશે નહીં.

ચાંદી રૂ. 2.50 લાખ અને સોનું રૂ. 1.41 લાખને પાર

ચાંદીમાં રૂ. 6,500નો વધારો, સોનું રૂ. 1,200 ઉછળીને રૂ. 1,41,700 પ્રતિ 10 ગ્રામ નોંધાયું

નવી દિલ્હી, તા. 9 (પીટીઆઈ): વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે સુરક્ષિત રોકાણની માગ વધતા શુક્રવારે રાષ્ટ્રીય રાજધાનીમાં ચાંદી રૂ. 6,500 વધીને રૂ. 2,50,000 પ્રતિ કિલો પર પહોંચી છે. અગાઉના સત્રમાં નફો બુક કરવાને કારણે ચાંદીમાં રૂ. 12,500નો ઘટાડો થયો હતો. બીજી તરફ, 99.9 ટકા શુદ્ધતા ધરાવતું સોનું રૂ. 1,200 ઉછળીને રૂ. 1,41,700 પ્રતિ 10 ગ્રામ (તમામ વેરા સહિત) નોંધાયું હતું, એમ ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યું હતું.

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈરાન સામેની ધમકીઓ અને ટેરિફ નિર્ણયો પર યુએસ સુપ્રીમ કોર્ટના ચુકાદા પહેલા બજારમાં જોવા મળતી અસ્થિરતાને કારણે સોનાની માગ મજબૂત બની છે, એમ એચડીએફસી સિક્યોરિટીઝના વરિષ્ઠ વિશ્લેષક સૌમિલ ગાંધીએ કહ્યું હતું.

અમેરિકાની સુપ્રીમ કોર્ટ ટેરિફ અંગેનો ચુકાદો મોકૂફ રાખ્યો

સ્પષ્ટતાના અભાવે ભારતીય શેરબજાર દબાણ હેઠળ

મુંબઈ, તા. ૯: શુક્રવારે અમેરિકી સુપ્રીમ કોર્ટે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વ્યાપક ટેરિફ (આયાત શુલ્ક) વિરુદ્ધની કાયદાકીય પડકારો પર કોઈ ચુકાદો આપ્યો નથી. વિશ્વભરના રોકાણકારોની નજર જે નિર્ણય પર હતી, તેને કોર્ટે હાલ પૂરતો મુલતવી રાખ્યો છે. ભારતમાં, સંભવિત અમેરિકી ટેરિફ પગલાંની ચિંતા, વિદેશી ભંડોળનો સતત આઉટફ્લો અને ભારત-અમેરિકા વેપાર વાટાઘાટોમાં પ્રગતિના અભાવને કારણે શેરબજાર સતત દબાણ હેઠળ છે અને મુખ્ય સૂચકાંકોમાં ઘટાડો ચાલુ રહ્યો છે.

અમેરિકી જસ્ટિસે આ ટર્મનો પ્રથમ સંપૂર્ણ અભિપ્રાય જાહેર કર્યો હતો, જેમાં કોર્ટે સંકેત આપ્યો હતો કે રજાઓ પછી પરત ફર્યા બાદ આગામી બે અઠવાડિયામાં વધારાના અભિપ્રાયો આવી શકે છે.

નિર્ણયના અભાવે અનિશ્ચિતતા યથાવત રહી છે, ખાસ કરીને એવા બજારો માટે જે અમેરિકી વેપાર નીતિના સંકેતો પ્રત્યે સંવેદનશીલ છે. ભારતીય નિકાસ પર ટેરિફની સંભવિત અસરોને જોતા, રોકાણકારોનું ધ્યાન સુપ્રીમ કોર્ટના પરિણામ પર કેન્દ્રિત થયું હતું. મુખ્ય મુદ્દો ટ્રમ્પ દ્વારા મોટાભાગની આયાત પર 10 થી 50 ટકા ટેરિફ લાદવા માટે 1977ના ઈમરજન્સી પાવર્સ લોનો ઉપયોગ છે. આમાં ચીન, કેનેડા અને મેક્સિકોના માલસામાન પર વધારાની ડ્યુટી તેમજ ભારત જેવા ભાગીદારો સાથેના વેપારને અસર કરતા ઊંચા લેવીનો સમાવેશ થાય છે. ટ્રમ્પ વહીવટીતંત્રે વેપાર અસંતુલનથી લઈને ફેન્ટાનાઈલની હેરાફેરી સહિતની રાષ્ટ્રીય સુરક્ષાની ચિંતાઓ જેવા કારણો આપીને આ પગલાંને યોગ્ય ઠેરવ્યા છે. નીચેની અદાલતોએ ચુકાદો આપ્યો હતો કે ટ્રમ્પ આ કાયદા હેઠળ તેમની સત્તાની મર્યાદા ઓળંગી ગયા છે, જેના કારણે હવે આ મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. ભારતમાં, ટેરિફની અનિશ્ચિતતાની સાથે ઈક્વિટીમાં ભારે ઘટાડો જોવા મળ્યો છે.

અમાગી મીડિયા લેબ્સનો આઈપીઓ

અમાગી મીડિયા લેબ્સ લિમિટેડનો આઈપીઓ મંગળવાર, 13 જાન્યુઆરી, 2026ના રોજ ખુલશે. પ્રાઇઝ બેન્ડ પ્રત્યેક રૂ. 5ની ફેસ વેલ્યુના ઇક્વિટી શેર દીઠ રૂ. 343થી રૂ. 361 નક્કી કરવામાં આવી છે. બિડ્સ લઘુતમ 41 ઇક્વિટી શેર્સ અને ત્યારબાદ 41 ઇક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાય છે. ઈશ્યુ શુક્રવાર, 16 જાન્યુઆરી, 2026ના રોજ બંધ થશે.

ચાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂ.
૩૦/૨૪ બ્રાઇટ	૨૩૩
૩૦/૩૬ એફડી	૨૩૮
લોકલ	
૬૨/૩૬ ક્રિમ્પ	૧૨૧
૬૮/૩૬	૧૧૯
૭૨/૩૬ ક્રિમ્પ	૧૧૮
૯૦/૩૬ ક્રિમ્પ	૧૧૨
૮૪/૪૮ ક્રિમ્પ	૧૧૩
૩૦/૧૪ ક્રિમ્પ	૧૫૮
૮૦/૭૨ રોટો.	૧૧૭.૫
૮૦/૩૬ રોટો.	૧૧૬
૧૫૦/૪૮બ્રાઇટ	૧૧૨

૭૫/૩૬	''	૧૧૧
૫૦/૩૬	''	૧૨૦
૫૦/૪૮ SD/ક્રેપ		૧૮૫
RIL રિલાયન્સ		
૯૦/૩૬ ક્રિમ્પ		૧૨૪
૧૧૪.૧૩ રોટો		---
૧૦૦ ટેક્ષ		૧૨૩
વેલનોન (જીએસટી સાથે)		
૮૦/૭૨ રોટો		૧૨૦
૮૦/૭૨ ફોલ્ડર		૧૨૯
૧૬૦ ડીસ્કેટ		૧૨૯
---		---
૮૦/૧૦૮	''	૧૨૪

-----	---
૮૦/૭૨ બ્લેક રોટો	૧૨૯
ગાર્ડન	
૪૯/૨૪ એફડીવાય	૧૧૪.૫૦
૩૦/૧૪ ક્રિમ્પ	૧૬૧
૬૨ ક્રિમ્પ	૧૨૨
૬૮ ક્રિમ્પ	૧૨૦
૭૨ ક્રિમ્પ	૧૧૯
૭૫ ક્રિમ્પ	૧૧૬
૮૦ ક્રિમ્પ	૧૧૫
૮૦/૭૨ રોટો	૧૧૮
૩૦/૨૪ બ્રાઇટ	---
૩૦/૩૬ એફડી	---
TPM	૧૧૬

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૭૮૦	કોપરેલ	૬૩૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૫૮૦	વનસ્પતિ ઘી	૨૩૨૦
સીંગતેલ (૫ લી)	૮૩૦	સનફ્લાવર	૨૩૫૦
કપાસીયા (૧૫ કિ.)	૨૩૯૦	તલતેલ	૪૯૫૦
કપાસીયા (૧૫ લિ.)	૨૧૫૦	દિવેલ	૨૪૯૦
કપાસીયા (૫ લિ.)	૭૮૦	મકાઇ તેલ	૨૩૫૦
સરસીયું તેલ	૨૯૦૦		

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૪૦૦
એમ-૩૦	૪૩૫૦
એસ-૩૦	૪૩૦૦
ગુજરાત	
એમ-૩૦	૪૩૦૦
એસ-૩૦	૪૨૫૦

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૪૧૪૦૦
તેજાબી સોનું	૧૪૧૩૧૦
દાગીના-૨૨ કેરેટ	૧૩૪૩૩૦
દાગીના-બીએસઆઈ હોલમાર્ક	૧૩૮૫૭૦
સોનાનાં બિસ્કીટ	૧૪૧૪૦૦૦
ચાંદી (૯૯૯)	૨૪૯૬૦૦
ચાંદી સિક્કા	૨૫૧૧૦૦

ઇંડિયન બૈંક Indian Bank ઇલાહાબાદ ALLAHABAD

ઝોનલ ઓફિસ સુરત : ૧૦૧-૧૦૨, ત્રીજો માળ, વેસ્ટ ફિલ્ડ સ્કેવર,